# વારંવાર વિવાદમાં સપડાઈને રદ થતી સ્પર્ધાત્મક પરીક્ષાઓના પગલે યુવાનોમાં ભારે નિરાશા

**છેલ્લા એક વર્ષમાં લેવાયેલ મોટાભાગની સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિવાદ કે કૌભાંડમાં સપડાઈ છે : બેકારીના ખપ્પરમાં પીસાઈ રહેલા મહેનતુ અને લાયક ઉમેદવારોમાં ભારે રોષ : છેલ્લા છ માસની મહેનત પાણીમાં ગઈ**

ગાંધીનગર, તા. ૯

ગુજરાત પંચાયત પસંદગી સેવા બોર્ડ દ્વારા તાજેતરમાં ૪ જિલ્લાઓમાં યોજાનાર જુનિયર ક્લાર્ક અને ફિમેલ હેલ્થ વર્કરની ભરતી પરીક્ષા મોકુફ રાખવામાં આવતા નોકરી વાંચ્છુક યુવાનોમાં નિરાશાનું મોજુ ફરી વળવા પામ્યુ છે. ભરતી પરીક્ષાની છેલ્લી ઘડીઓએ પેપર ફુટી જવાના કારણે બંધ રખાયેલ આ પરીક્ષા માટે યુવાનોએ છેલ્લા છ એક માસથી તનતોડ મહેનત કરી હતી.

લગભગ એક વર્ષના ગાળામાં ગુજરાતમાં લેવાયેલ અથવા લેવાનાર મોટાભાગની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કોઈને કોઈ વિવાદ સંકળાયેલો જોવા મળ્યો છે. શોર્ટકટમાં સરકારી નોકરીઓ મેળવી લેવાની લ્હાયમાં લેભાગુ તત્વો દ્વારા બીછાવાયેલ વેપારની જાળમાં કેટલાક યુવાનો ફસાય છે. જેના કારણે આ પ્રકારની પરિસ્થિતિ પેદા થતી હોય છે. જેમાં હજારો અન્ય મહેનતુ યુવાનોના સપના કસોટીની એરણે પીસાઈ ધૂળધાણી થઈ જવા પામે છે. જુનિયર ક્લાર્ક અને ફિમેલ હેલ્થ વર્કરની લેવાનાર પરીક્ષા ગાંધીનગર, સાબરકાંઠા, બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લામાં રદ કરી દેવાઈ છે. રાજ્યના અન્ય જિલ્લાઓમાં આ પરીક્ષા લેવાઈ ગઈ છે. તે જિલ્લાઓની લેવાયેલી પરીક્ષા પણ રદ થઈ શકે છે તેવી ભીતિ આ પરીક્ષામાં સામેલ થયેલા ઉમેદવારોને સતાવી રહી છે. આ ઉપરાંત આ પરીક્ષાના આગળના દિવસે જ લેવાયેલ તલાટીની પરીક્ષાનું પેપર પણ વોટસએપ પર ફરતુ થયુ હતુ તેવા હોવાના અહેવાલોના પગલે તે પરીક્ષા પણ રદ થઈ શકે છે. તેવી શંકા યુવાનોને રાત્રે સુવા દેતી નથી. છેલ્લા એકાદ વર્ષથી તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ યેનકેન પ્રકારે વિવાદમાં સપડાય છે. પસંદગી સેવા બોર્ડ તંત્રની ઢીલી નીતિ અને ભરતી પ્રક્રિયામાં લાગતો લાંબો સમય આમ પણ બેકારીના ખપ્પરમાં પીસાતા યુવાનોને અકળાવે છે, તેમાં રદ થતી પરીક્ષાઓ સાચા, મહેનતુ અને યોગ્ય લાયકાત ધરાવતા યુવાનોની માનસિકતા પર કુઠારાઘાત કરે છે.

**સમયસર**

સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉમેદવારોની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે. આ પરિસ્થિતિમાં મેરિટમાં સ્થાન મેળવવા ઉમેદવારે અઢળક મહેનત કરવી પડે છે અને ઘણા ભોગ આપવા પડે છે. આકરી મહેનત અને મહિનાઓની તપસ્યા બાદ જ્યારે છેલ્લી ઘડીએ પરીક્ષાઓ વિવાદ કે કૌભાંડમાં સપડાઈ રદ થાય ત્યારે આ યુવાનોમાં ભારે નકારાત્મક લાગણીઓ પ્રસરવા પામે છે. જુનિયર ક્લાર્ક અને ફિમેલ હેલ્થ વર્કરની રદ થયેલ પરીક્ષાના પરીક્ષાર્થીઓમાં ભારે રોષ ફેલાવા પામ્યો છે.

વહીવટીતંત્ર અને સરકાર દ્વારા આ બાબતે યોગ્ય પગલા લેવાય અને ભવિષ્યમાં લેવાનાર સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં આ પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ ન થાય તેવી વ્યવસ્થા ગોઠવાય તેવી યુવાનોમાં તીવ્ર માંગ ઉઠવા પામી છે.




(તસવીર : કશ્યપ નિમાવત)

નયનને બંધ રાખીને - અનોખો કાર્યક્રમ શહેરના ટાઉન હોલમાં યોજાયો... મુંબઈના પ્રજ્ઞાચક્ષુ કલાકારોનું ગાયકવૃંદ અને વાદ્યવૃંદ કાબિલેદાદ હતું... જૈન સોશ્યલ ગૃપ અને ભારત વિકાસ પરિષદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ અનોખા કાર્યક્રમમાં ગુજરાતી ગીતોની રમઝટ બોલાવી હતી... નોંધનીય બાબત તો એ છે કે, કેટલાય સંપૂર્ણ પ્રજ્ઞાચક્ષુ કલાકારો બિનગુજરાતી હોવ છતાં ગુજરાતી ભાષાના લોકભોગ્ય ગીતો રજૂ કરી શ્રોતાઓના મન જીતી લીધા હતા...

# વિધાર્થીઓને ઓન લાઈન એસ.ટી.ના પાસ મળે તેવી સુવિધા ઉભી કરાશે

**એસ.ટી. નિગમ દ્વારા આયોજન કરવામાં આવી રહયું છે**

ગાંધીનગર તા ૭

શહેરમાંથી એસ ટીના માધ્યમથી અપડાઉન કરતા મુસાફરોની સંખ્યા વિશેષ છે.જયારે નોકરીયત વર્ગ ઉપરાંત ગાંધીનગર અમદાવાદ વચ્ચે ૩ હજાર જેટલા વિધાર્થીઓ પણ અભ્યાસ માટે રોજ બસમાં અપડાઉન કરે છે. આ વિધાર્થીઓને ઉઘડતા વેકેશન દરમિયાન પાસ કઢાવવા લાંબી કતારમાં ઉભા રહીને સમય વેડફવો પડે છે.જેને ધ્યાનમાં રાખી શાળાકક્ષાએથી ઓન લાઈન ફાર્મ સુપ્રત કરીને ઝડપથી પાસ મેળવી શકાય તેવી યોજના અમલમાં મુકવા એસ ટી નિગમે વિચારણા હાથ ધરી છે.

વેકેશન ખુલતા વિધાર્થીઓએ નવા શૈક્ષણિક સત્રને અનુલક્ષી તૈયારીઓ શરૂ કરી દીધી છે.શહેરના એસ ટી ડેપોમાં વિધાર્થીઓના બસ પાસ કઢાવવા માટે દર વર્ષે કતાર જોવા મળે છે. જયારે આ મામલે ભારોભાર અવ્યવસ્થા થતી હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. જેને ધ્યાનમાં રાખી

● અનુસંધાન પાન-૭ પર



લોકાર્પણ - ગાંધીનગરના પાદરે પેથાપુરના ભૂગર્ભ ગટર યોજનાનો લોકાર્પણ કાર્યક્રમ રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના સાનિધ્યમાં યોજાયો હતો. પેથાપુરના વિકાસના પગલે આવશ્યક સેવાઓમાં દિન-પ્રતિદિન વધારો થતો રહ્યો છે. પાણી પુરવઠા બોર્ડની સંપૂર્ણ સહાયથી ભૂગર્ભ ગટર યોજના આજથી કાર્યાન્વિત કરાઈ છે.

# બંદોબસ્તમાં આવતા જવાનો માટે અદ્યતન બેરેક બનશે

**સેક્ટર-૨૭ પોલીસ હેડ ક્વાર્ટરમાં ૮૦૦ જવાનોની ક્ષમતાવાળી બેરેક તૈયાર કરવા રૂ. ૧૧.૫૦ કરોડ ફળવાયા : અવારનવાર ગાંધીનગરમાં બંદોબસ્ત માટે રોકાતા જવાનોએ શાળાઓ-રંગમંચોના મેદાનમાં રહેવું પડતુ હતુ**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં છાશવારે વીવીઆઈપી મહાનુભાવોના યોજાતા કાર્યક્રમોને પગલે ખુબ મોટા બંદોબસ્ત ગોઠવાતા હોય છે. જેમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા આસપાસના જિલ્લાથી તૈનાત કરાતા પોલીસ જવાનો તથા એસઆરપી, સીઆરપીએફ સહીતના દળોના જવાનોએ ક્યાં રહેવું તે મોટો પ્રશ્ન હતો..! અત્યાર સુધી રંગમંચ કે શાળાઓના મેદાનમાં ખુલ્લા ટેન્ટ કે ઓટલા પર જવાનોને જગ્યા આપી દેવાતી હતી. જો કે હવે ગાંધીનગરમાં ૮૦૦ જવાનોની રહેવા-જમવાની વ્યવસ્થા થાય તેવી ક્ષમતા ધરાવતી અદ્યતન બેરેક બનાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

ગાંધીનગર ડીએસપી કચેરી પાસે પોલીસ હેડ ક્વાર્ટરમાં ૮૦૦ જેટલા જવાનો કમ્ફર્ટેબલ રહી શકે તેવી વિશાળ બેરેક બનાવવાની મંજુરી મળ્યા બાદ ગ્રાન્ટ પણ ફળવાઈ ગઈ છે અને ગુજરાત પોલીસ હાઉસીંગ કોર્પોરેશન દ્વારા બેરેક બનાવવાની કામગીરી પણ શરૂ કરી દીધી છે. રૂ. ૧૧.૫૦ કરોડના ખર્ચે તૈયાર થનાર અદ્યતન બેરેકમાં રહેણાંક વ્યવસ્થા ઉપરાંત સ્ટોર, કિચન અને ડાયનીંગની તથા અન્ય પ્રાથમિક જરૂરીયાતોને લગતી સવલતો પણ હશે. મહાત્મા મંદિર તથા પ્રદર્શન હોલમાં વીવીઆઈપીના કાર્યક્રમો ઉપરાંત અન્ય રાજકીય મોટા કાર્યક્રમોને કારણે ગાંધીનગરમાં અવારનવાર પોલીસ બંદોબસ્ત ગોઠવવો પડે છે પરંતુ બંદોબસ્તમાં આવતા જવાનોને રઝળવુ પડતુ હતુ જેને ધ્યાને લઈને અદ્યતન બેરેક બનાવવાનો નિર્ણય લેવાયો છે.

# પ્રદેશ ભાજપ પ્રશિક્ષણ સેલની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૯

પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે, આજ રોજ પ્રદેશ પ્રશિક્ષણ સેલની બેઠક પ્રશિક્ષણ સેલના પ્રદેશ કન્વીનર શ્રી રાજેશભાઈ પટેલ અને પ્રદેશ પ્રભારી શ્રી ડૉ. દિનેશજી શર્મા, પ્રદેશ મહામંત્રી શ્રી કે.સી. પટેલ, વિવિધ સેલના પ્રદેશ પ્રભારી શ્રી ડૉ. અનિલભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે યોજાયેલી બેઠકમાં સમગ્ર રાજયમાંથી ઉપસ્થિત સેલના પદાધિકારીઓને સંબોધતા પ્રદેશ પ્રભારી ડૉ. દિનેશજી શર્માએ પ્રશિક્ષણ એ સંગઠનનું ચાલકબળ છે.

પ્રદેશ મહામંત્રી શ્રી કે.સી. પટેલે ઝોન પ્રમાણે અને જિલ્લા સ્તર પર પ્રશિક્ષણ સેલના વર્ગોનું આયોજન કરવા ભાર મુક્યો હતો. વિવિધ સેલના પ્રદેશ સંયોજક ડૉ. અનિલભાઈ પટેલે મહાસંપર્ક અભિયાન પછીના તબક્કામાં પ્રશિક્ષણનો તબક્કો હોય છે.

# શહેરના તબીબોએ કલેક્ટરને આવેદનપત્ર સુપરત કર્યું

**રહેણાંક વિસ્તારમાં કાર્યરત તબીબોના ક્લિનીક સંદર્ભે અપાયેલ નોટીસના પગલે તબીબોએ સેવાના અભિગમને રજૂઆતમાં વણી લીધી હતી**



ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરના રહેણાંક વિસ્તારમાં વાણિજ્ય પ્રવૃત્તિને લઈ તંત્રએ આપેલ નોટીસના પગલે આજે ઈન્ડિયન મેડીકલ એશો.નું એક પ્રતિનિધિમંડળ જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરને મળ્યુ હતુ.

ડૉ. અનિલ ચૌહાણ, ડૉ. જયેશ સોલંકી, ડૉ. પિયુષ દવેના નેતૃત્વમાં આજે ૧૦૦ થી વધુ તબીબો જિલ્લા કલેક્ટર કચેરી પહોંચ્યા હતા અને તેમણે તેમના પ્રશ્ન રજુ કર્યો હતો.

મેડીકલ એશો.ની રજુઆત કલેક્ટરશ્રીએ સાંભળી હતી અને તેમણે આવેદન-પત્રને સ્વીકાર્યુ હતુ. બન્ને પક્ષોએ કંઈ પણ કહેવાનો ઈન્કાર કર્યો છે. જો કે રજુઆતો શાંતિથી સાંભળી હોવાનું જાણવા મળેલ છે.

# પ્રદેશ કોંગ્રેસની નવી કારોબારીની જાહેરાત

**અન્ય સમિતિઓની પણ રચના : સોનિયા ગાંધીએ નવી કારોબારીના પ્રસ્તાવને લીલીઝંડી આપી**

અમદાવાદ, તા.૯

આગામી ઓકટોબર માસમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ગુજરાતમાં દબદબો જમાવવા માટે કોંગ્રેસ દ્વારા નવી કારોબારીની જાહેરાત કરવામાં આવી છે. કારોબારી ઉપરાંત સંકલન અને પરામર્શ જેવી બે વધારાની સમિતિઓની પણ રચના સાથે કોંગ્રેસ ૧૮૪ સભ્યો સાથેની ૩ સમિતિઓ બનાવી છે. અગાઉ હોદ્દેદોરોની નિમણૂંકમાં અસંતોષ ઊભો થયો હતો. પંરતુ કારોબારી સહિતની સમિતિઓમાં તમામનો સમાવેશ કરીને કોંગ્રેસ બધાને સાથે લઈને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ઝંપલાવવાની રણનીતી સ્પષ્ટ કરી દીધી છે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ સોનિયા ગાંધીએ પ્રદેશ કારોબારી તથા સમિતિના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. વર્ષ ૨૦૧૧ પછી કારોબારીનું ગઠન કરવામાં આવ્યું છે.

કોંગ્રેસના આધારભુત સુત્રોના જણાવ્યા પ્રમાણે કારોબારી સહિતની સમિતિઓમાં દરેક વર્ષ જાતિ અને ધર્મની વ્યક્તિને સ્થાન આપવામાં આવ્યું છે. ડોકટર, એડવોકેટ, શિક્ષક સહિતના વિવિધ ક્ષેત્રના આગેવાનોને પણ સ્થાન મળ્યું છે. વિશેષ અને કાયમી આમંત્રિતો સહિતની કારોબારી સમિતિ ઉપરાંત સંકલન અને પરામર્શ સમિતિમાં કુલ ૧૮ સભ્યોને આવરી લેવાયા છે. જેમાં મહિલા અને યુવા સભ્યોને પણ સમાવી લેવામાં આવ્યા છે.

એવી જ રીતે અગાઉ હોદ્દેદારોની નિમણૂંક વખતે લઘુમતિ સમુદાયની બાદબાકીનો વિવાદ થયો હતો. આવા વિવાદ ફરી સામે ન આવે એની કાળજી લેતા કોંગ્રેસ દ્વારા ખાસ કરીને મુસ્લિમ સભ્યોનો પણ કારોબારી સહિતની સમિતિમાં સમાવેશ કર્યો છે. તે ઉપરાંત રાજયનાં પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોંલકી જેવા વરિષ્ઠ અગ્રણીઓને પણ સ્થાન અપાયું છે. એવી જ રીતે સીનીયર ધારાસભ્યો સહિતના આગેવાનોને પણ સમાવી લેવાયા છે. કુલ ૪૫ સભ્યોની કારોબારી સમિતિમાં શંકરસિંહ વાઘેલા, શક્તિસિંહ ગોહિલ, ડાં. તુષાર ચૌધરી જેવા અગ્રણીઓનો સમાવેશ થયો છે. જ્યારે ૩૮ સીનીયર સભ્યોને આવરી લેતી કામયી આમંત્રિતોની સમિતિમાં સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર એહમદ પટેલ, રાજયના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી જેવા નામો છે.

પરામર્શ સમિતિમાં પણ ભરતસિંહ સોલંકી અને શંકરસિંહ વાઘેલા જેવા કોંગ્રેસના અગ્રણી નેતાઓને રાખવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, કોંગ્રેસ દ્વારા પહેલીવાર સંકલન અને પરામર્શ સમિતિઓનું ગઠન થયું છે. જે દર્શાવે છે કે પક્ષ દ્વારા ચૂંટણીઓમાં ક્યાંય પણ કોઈ કચાશ ન રહી જાય અગ્રણી નેતાઓ કાર્યકરો, યુવાપાંખ અને મહિલા મોરચા વચ્ચે સંકલન જળવાય તેવી કાળજી લેવાઈ છે.

(સંસ્કૃતમ્)
ધોરણ - ૯ થી ૧૨ (GSEB/CBSE)
(અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમ)
સંસ્કૃત તથા ગુજરાતી ભાષાના પર્સનલ તથા ગ્રુપ ટ્યુશન માટે મળો
મોબાઈલ : ૯૮૯૮૦ ૪૬૪૮૮
૧૫૨, સહકાર કોલોની, સેક્ટર-૨૫, ગાંધીનગર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT
The Engineer's Choice
KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ
STEEL TIGER એવોર્ડ વિજેતા
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧
અલ્ટ્રાટેક સિમેન્ટ, કામધેનુ TMT (ISI) સ્ટીલ, કપચી, ગ્રીટ, મેટલ, હિન્દવેર સેનેટરીવેર, સોલીડ કોંક્રીટ બ્રિક્સ (સિમેન્ટ યુઝ્ડ)

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
VINAYAK 500
TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com